# તમે IAR પેરેન્ટ પોર્ટલ સાથે શું કરી શકો

ઇલિનોઇ એસેસમેન્ટ ઓફ રેડીનેસ (IAR) પેરેન્ટ પોર્ટલ માતા-પિતા અને વાલીઓને ઇલિનોઇ એસેસમેન્ટ ઓફ રેડીનેસ ટેસ્ટ પર તમારા બાળકની કામગીરી જોવા ઓનલાઇન ઍક્સેસ પ્રદાન કરે છે. તમારું એકાઉન્ટ બનાવ્યા અને પુષ્ટિ કર્યા પછી, તમે IAR પેરેન્ટ પોર્ટલમાં લૉગ ઇન કરી શકશો. તે પછી તમે તમારા વિદ્યાર્થીના પરીક્ષણ પરિણામો અને સમજૂતીત્મક માહિતી જોવા માટે તમારા વિદ્યાર્થીના વ્યક્તિગત વિદ્યાર્થી અહેવાલ (ISR) ની પેપર કોપી પર મળેલ કોડ દાખલ કરશો. તમે સ્પ્રિંગ 2021 ઇલિનોઇ એસેસમેન્ટ ઓફ રેડીનેસ ફોર ઇંગ્લિશ લેંગ્વેજ આર્ટ્સ/લિટરસી એન્ડ મેથેમેટિક્સ (ELA/L અને Math) થી શરૂ થતા બહુવિધ વહીવટ અને વિદ્યાર્થીઓ માટે પરિણામો પણ ઍક્સેસ કરી શકશો.

એકંદરે, IAR પેરેંટ પોર્ટલ તમારા વિદ્યાર્થી(ઓ) માટે પરીક્ષણ પરિણામોને ઍક્સેસ કરવાની સુરક્ષિત અને અનુકૂળ રીત પ્રદાન કરે છે. નીચેનો આકૃતિ IAR પેરેન્ટ પોર્ટલની ઍક્સેસ મેળવવા અને તેનો ઉપયોગ કરવાની પ્રક્રિયા દર્શાવે છે. અમે નીચેના પૃષ્ઠો પર દરેક પગલા વિશે વધુ વિગતવાર વાત કરીશું. તમારું એકાઉન્ટ બનાવવું અને પુષ્ટિ કરવી એ એક વખતની પ્રક્રિયા છે, પરંતુ એકવાર તમે તમારું એકાઉન્ટ સેટ અપ કરી લો તે પછી, તમારી પાસે આ માર્ગદર્શિકામાં આવરી લેવામાં આવેલી અન્ય પ્રવૃત્તિઓની અમર્યાદિત ઍક્સેસ હશે.




અહીં શરૂ કરો

[જો તમારે IAR પેરેન્ટ પોર્ટલ એકાઉન્ટ બનાવવાની જરૂર હોય, તો પૃષ્ઠ 2 પર જાઓ.]

[જો તમારી પાસે પહેલેથી જ IAR પેરેન્ટ પોર્ટલ એકાઉન્ટ છે, તો પૃષ્ઠ 3 પર જાઓ.]

## એકાઉન્ટ બનાવો

<table>
<tr><th>પગલાં</th><th>વિઝ્યુઅલ એઇડ</th></tr>
<tr><td>કમ્પ્યુટર અથવા મોબાઇલ ઉપકરણનો ઉપયોગ કરીને, il-results.pearsonaccessnext.com પર જાઓ અને સાઇન અપ (Sign Up) લિંક પસંદ કરો. સંદર્ભ માટે, આ સ્ક્રીન પર પણ રિપોર્ટિંગ પર વધુ માહિતી વિશે સીધી નીચેની લિંક નોંધો.</td><td>
</td></tr>
<tr><td>આગલી સ્ક્રીન પર, તમારું પ્રથમ નામ, છેલ્લું નામ, ઈમેલસરનામું અને પ્રારંભિક પાસવર્ડ દાખલ કરો.<br><br>પાસવર્ડ આવશ્યકતાઓ:<br>• ન્યૂનતમ 8અક્ષરો<br>• ઓછામાં ઓછો એક અપર કેસ અક્ષર<br>• ઓછામાં ઓછો એક લોઅર કેસ અક્ષર<br>• ઓછામાં ઓછો એકનંબર<br><br>એકાઉન્ટ બનાવો (Create Account) પસંદ કરો.</td><td>
</td></tr>
<tr><td>તમને ઓનસ્ક્રીન મેસેજ દેખાશે.<br>જો તમને એકાઉન્ટ બનાવવામાં સમસ્યા હોય તો,<br>પૃષ્ઠ 6 લીનિવામુલાકાત લો.મુલાકાત લો.</td><td>
</td></tr>
</table>

## તમારા એકાઉન્ટની પુષ્ટિ કરો

<table>
<tr><th>પગલાં</th><th>વિઝ્યુઅલ એઇડ</th></tr>
<tr><td>• તમારું ઈમેલ એકાઉન્ટ ઍક્સેસ કરો જેનો ઉપયોગ તમે તમારું IAR પેરેન્ટ પોર્ટલ એકાઉન્ટ બનાવવા માટે કર્યો હતો.<br>• noreply@pearsonaccessnext.com પરથી ઈમેલ શોધીને “કૃપા કરીને તમારા નવા એકાઉન્ટની (Please Confirm Your New Account) પુષ્ટિ કરો”. ભવિષ્યના ઈમેલ માટે આ પ્રેષકને વ્હાઇટલિસ્ટ કરવાની ખાતરી કરો અને તમારી એડ્રેસ બુકમાં પીયર્સન ઉમેરો.<br>• જો તમને ઈમેલ ના મળી હોય, તો પૃષ્ઠ 6 પરના મુશ્કેલીનિવારણ વિભાગની મુલાકાત લો.<br>• તમારું IAR પેરેન્ટ પોર્ટલ એકાઉન્ટ એક્ટિવેટ કરવા માટે ઈમેલમાં કન્ફર્મેશન લિંક પસંદ કરો અને લોગિનપેજ પર પાછા ફરો.</td><td>
</td></tr>
</table>

## તમારા એકાઉન્ટમાં લોગ ઇન કરો

| **પગલાં** | **વિઝ્યુઅલ એઇડ** |
|---|---|
| • il-results.pearsonaccessnext.com **પર જાઓ**<br>• તમારું ઈમેલ **સરનામું** અને **પાસવર્ડ દાખલ કરો**<br>• **લોગ ઇન** પસંદ કરો. તમને ટોચ પર પોર્ટલ શીર્ષક સાથેનું પૃષ્ઠ દેખાવું જોઇએ.<br><br>**જો તમને લૉગ ઇન કરવામાં સમસ્યા હોય તો, પૃષ્ઠ 6 પરના મુશ્કેલીનિવારણ વિભાગની મુલાકાત લો.** |  |

## ક્લેમ કોડ ઉમેરો

| **પગલાં** | **વિઝ્યુઅલ એઇડ** |
|---|---|
| તમારા વિદ્યાર્થીના વ્યક્તિગત વિદ્યાર્થી અહેવાલ(ઓ)ની પેપર કોપી પર ક્લેમ કોડ શોધો. આ એક જ ક્લેમ કોડ ELA/L અને Math પરિણામો માટે કામ કરશે.<br><br>**જો તમારી પાસે ક્લેમ કોડ તૈયાર ન હોય, તો પૃષ્ઠ 6 પર મુશ્કેલીનિવારણ વિભાગની મુલાકાત લો.** |  |
| • તમારા IAR પેરેંટ પોર્ટલ એકાઉન્ટના ટેસ્ટ પરિણામો શોધો વિભાગમાં યોગ્ય ફીલ્ડ્સમાં, વિદ્યાર્થીનું પ્રથમ નામ, છેલ્લું નામ, જન્મ તારીખ અને ક્લેમ કોડ **બરાબર એમજ** દાખલ કરો જે રીતે તે વ્યક્તિગત વિદ્યાર્થી અહેવાલ પર (અક્ષર સંવેદનશીલતા સહિત) છાપવામાં આવેલ છે.<br>• **પરિણામો શોધો** (Find Results) પસંદ કરો. તમારા વિદ્યાર્થી પછી સ્ક્રીનની જમણી બાજુએ સૂચિબદ્ધ હશે.<br><br>વિદ્યાર્થીનું પરિણામ ન મળે અથવા વિદ્યાર્થીનું નામ અથવા જન્મ તારીખ વ્યક્તિગત વિદ્યાર્થી અહેવાલમાં ખોટા હોવાથી, **પૃષ્ઠ 6 પરના મુશ્કેલીનિવારણ વિભાગની** મુલાકાત લો. |  |

## પરિણામો જુઓ

<table>
<tr><th>પગલાં</th><th>વિઝ્યુઅલ એઇડ</th></tr>
<tr><td>મારા વિદ્યાર્થીની કસોટીના પરિણામો હેઠળ (Under My Student's Test Results), તમારા વિદ્યાર્થીએ લીધેલી પરીક્ષા(ઓ) અને તેમના એકંદર આંકડાકીય સ્કોર અને પ્રદર્શન સ્તરની સમીક્ષા કરો.<br>પરિણામોનું અર્થઘટન કેવી રીતે કરવું તે વિશે વધુ માહિતી માટે, પેરેન્ટ સ્કોર અર્થઘટન માર્ગદર્શિકાની સમીક્ષા કરો.</td><td>


</td></tr>
<tr><td>વધુમાં, પરિણામોમાં વ્યક્તિગત કરેલ વિડિઓની લિંક શામેલ હશે જે તમારા વિદ્યાર્થીના પરિણામોનું પગલે-દર-પગલે વિહંગાવલોકન પ્રદાન કરે છે. વિડિયો લિંક તમને તે વહીવટ દરમિયાન તમારા બાળક માટેના તમામ IAR પરિણામો દર્શાવતી સંયુક્ત વિડિયો પર લઈ જશે.</td><td>


</td></tr>
<tr><td>જ્યારે તમે વિદ્યાર્થી માટે પરિણામો જોવાનું પૂર્ણ કરી લો, ત્યારે અન્ય વિદ્યાર્થી (જો લાગુ હોય તો) માટે અલગ ક્લેમ કોડ દાખલ કરવા માટે મુખ્ય સ્ક્રીન પર પાછા આવવા માટે તમારા બ્રાઉઝર પરના IAR પેરેન્ટ પોર્ટલ(Parent Portal) શીર્ષક અથવા પાછળના બટનનો (Back) ઉપયોગ કરો. બધા વિદ્યાર્થીઓનું પૂર્ણ કર્યા પછી, ઉપલા જમણા ખૂણે તમારું ઈમૈલ સરનામું પસંદ કરતી વખતે દેખાતા મેનુમાંથી લોગ આઉટ (Log Out) વિકલ્પ પસંદ કરો.</td><td>


</td></tr>
</table>

## તમારી એકાઉન્ટ પ્રોફાઇલ બદલવી

| પગલાં | વિઝ્યુઅલ એઇડ |
|---|---|
| જો કોઈપણ સમયે સફળતાપૂર્વક લૉગ ઇન કર્યા પછી તમે તમારા એકાઉન્ટ સાથે સંકળાયેલ નામ અથવા પાસવર્ડને સંપાદિત કરવા માંગતા હો, તો ઉપરના જમણા ખૂણામાં તમારું ઈમૈલ સરનામું પસંદ કરો, અને પછી ડ્રોપ-ડાઉન મેનૂમાંથી પ્રોફાઇલ (Profile) પસંદ કરો. |  |
| પછીની સ્ક્રીન પર, યોગ્ય ક્ષેત્રોમાં તમારા નામ અને/અથવા તમારા પાસવર્ડમાં ફેરફારો દાખલ કરો, અને પછી પાસવર્ડ સાચવો અને/અથવા અપડેટ કરો (Save and/or Update Password) પસંદ કરો.<br>નોંધ: તમે તમારા IAR પેરેંટ પોર્ટલ એકાઉન્ટ સાથે સંકળાયેલ ઈમૈલ બદલી શકતા નથી. જો તમે હવે તે ઈમૈલ એડ્રેસને એક્સેસ કરી શકતા નથી, તો તમારે નવું IAR પેરેન્ટ પોર્ટલ એકાઉન્ટ બનાવવું પડશે. |  |

## મુશ્કેલીનિવારણ

તમારા એકાઉન્ટની સમસ્યાઓ અથવા પરીક્ષણ પરિણામોનાઍક્સેસ માટે નીચેના કોષ્ટકનો ઉપયોગ કરો.

| મુદ્દો | ઠરાવ |
|---|---|
| સિસ્ટમે કહ્યું કે નવું ખાતું બનાવવાનો પ્રયાસ કરતી વખતે મારું ઈમેલ એડ્રેસ હાલના એકાઉન્ટ માટે પહેલેથી ઉપયોગમાં છે. | તમે કદાચ પહેલાથી જ IAR પેરેન્ટ પોર્ટલ માટે એકાઉન્ટ બનાવ્યું હશે. લૉગ ઇન કરવાનો પ્રયાસ કરો. જરૂરી હોય તો, લૉગિન પેજ પર **પાસવર્ડ ભૂલી ગયા? (Forgot password?)** લિંકનો ઉપયોગ કરો. |
| મારા એકાઉન્ટની પુષ્ટિ કરવા માટે મને પ્રારંભિક ઈમેલ પ્રાપ્ત થયી નથી. | આ પગલાં અજમાવી જુઓ:<br>1. તમારા સ્પૅમ અથવા જંક મેઇલફોલ્ડરોતપાસો<br>2. તમારા એકાઉન્ટને સેટ અપ કરવા માટે શરૂઆતમાં ઉપયોગમાં લીધેલા ઈમેલ સાથે નવું વપરાશકર્તા એકાઉન્ટ બનાવવાનો પ્રયાસ કરો. જો તમને સફળતાનો સંદેશ મળે છે, તો આ સૂચવે છે કે એકાઉન્ટ બનાવવામાં આવ્યું ન હતું અથવા ઈમેલ ખોટી રીતે દાખલ કરવામાં આવી હતી. તમને એક ઈમેલ મળી છે કે કેમ તેની તમારે તપાસ કરવી જોઈએ. અથવા, જો તમને "ઈમેલ સરનામું અસ્તિત્વમાંના એકાઉન્ટ સાથે સંકળાયેલું છે" (Email address is associated with an existing account) કહેતો સંદેશ પ્રાપ્ત થાય છે. આગલા પગલા પર જાઓ.<br>3. તમારી એડ્રેસ બુકમાં પીયર્સન ઉમેરો.<br>4. સંપર્ક કરો પીયર્સન કસ્ટમર સપોર્ટનો. |
| લૉગ ઇન કરવાનો પ્રયાસ કરતી વખતે મને "એકાઉન્ટ ચકાસાયેલ નથી" (Account Not Verified) સંદેશ પ્રાપ્ત થયો. | તમારે પ્રારંભિક ઈમેલમાં મોકલેલ લિંકને અનુસરીને તમારું એકાઉન્ટ ચકાસવું પડશે. ઉપલા જમણા ખૂણે તમારું ઈમેલ સરનામું પસંદ કરતી વખતે દેખાતા મેનુમાંથી લોગ આઉટ (Log Out) વિકલ્પ પસંદ કરો, તમારું એકાઉન્ટ ચકાસવા માટે ઈમેલમાંની લિંક પર ક્લિક કરો અને ફરીથી લોગિન કરો.. નોંધ: જો તમને હજુ પણ "એકાઉન્ટ ચકાસાયેલ નથી" (Account Not Verified) સ્ક્રીન દેખાય છે, તો લોગ આઉટ કરીને ફરી પાછા લોગ ઇન કરવાનો પ્રયાસ કરો. |
| મને મળ્યો "પૂરાયેલ ઓળખપત્રો (Supplied credentials are invalid.) અમાન્ય છે. ઈમેલ એડ્રેસ કે પાસવર્ડ ખોટો હતો." (Email address or password was incorrect) લૉગ ઇન કરવાનો પ્રયાસ કરતી વખતે સંદેશ. | આ પગલાં અજમાવી જુઓ:<br>1. લોગિન સ્ક્રીન પર પાસવર્ડ ભૂલી ગયાની (Forgot Password) લિંક પર ક્લિક કરો. જો તમને ઈમેલ મળે, તો તમારો પાસવર્ડ રીસેટ કરો અને ફરી લોગઈન કરવાનો પ્રયાસ કરો.<br>2. નવું વપરાશકર્તા એકાઉન્ટ બનાવવાનો પ્રયાસ કરો. નવું એકાઉન્ટ બનાવતી વખતે ઈમેલ એડ્રેસ ખોટી-રીતે ટાઈપ થઇ ગયું હોઇ શકે અથવા એકાઉન્ટ શરૂઆતમાં બનાવવામાં આવ્યું ન હોઈ શકે.<br>3. જો તમને "ઈમેલ સરનામું અસ્તિત્વમાંના એકાઉન્ટ સાથે સંકળાયેલું છે." (Email address is associated with an existing account) સંદેશ પ્રાપ્ત થાય છે, તો પગલાં 1 અને 2 પૂર્ણ કર્યા પછી, કૃપા કરીને પીયર્સન ગ્રાહક સપોર્ટનો( Pearson Customer Support.) સંપર્ક કરો. |

| | |
|---|---|
| મારો પાસવાર્ડ ભુલાઈ ગયો છે. | **પાસવર્ડ ભૂલી ગયા**? **(Forgot password?)** લિંક લૉગિન પેજ પર પસંદ કરો. તમને તમારું ઈમેલ સરનામું દાખલ કરવા માટે સંકેત આપવામાં આવશે, અને તમારો પાસવર્ડ રીસેટ કરવા માટે એક નવી લિંક સાથે તમને તરત જ સિસ્ટમ દ્વારા જનરેટ કરેલ એક નવો ઈમેલ મોકલવામાં આવશે. કૃપા કરીને નવા ઈમેલમાં આપેલી લિંકનો ઉપયોગ કરો અને પહેલાના પાસવર્ડનો ઉપયોગ કરશો નહીં. |
| મારી પાસે મારા વિદ્યાર્થીનું ISR નથી. ISR માં ક્લેમ કોડ શામેલ નથી. | તમારા એકાઉન્ટમાં વિદ્યાર્થી પરિણામો ઉમેરવા માટે તમારે એક ISR ની જરૂર પડશે જેમાં ક્લેમ કોડ શામેલ હોય. ફક્ત સપોર્ટેડ એડમિનિસ્ટ્રેશન ISR માં ક્લેમ કોડ શામેલ છે. જો ISR માં IAR પેરેન્ટ પોર્ટલ માટે ક્લેમ કોડ શામેલ નથી, તો તમે પરિણામો ઉમેરી શકશો નહીં. તમારી પાસે સપોર્ટેડ એડમિનિસ્ટ્રેશન ISR છે તેની પુષ્ટિ કરવા માટે તમારી પાસે ક્લેમ કોડ ન હોય તો તમારા બાળકની શાળા અથવા શિક્ષકને પૂછો. |
| મને સ્ટુડન્ટ રિઝલ્ટ નોટ ફાઉન્ડ મેસેજ મળ્યો. | પ્રથમ નામ, છેલ્લું નામ, જન્મ તારીખ અને ક્લેમ કોડ ISR પર દેખાય છે તે રીતે બરાબર મેળ ખાય છે તે ચકાસો. જો હજુ પણ સમસ્યાઓ છે, તો કૃપા કરીને તમારીશાળા/જિલ્લાનોસંપર્ક કરો. |
| ISR પર વિદ્યાર્થીની માહિતી ખોટી છે. | જો તમને ખાતરી છે કે ISR તમારા વિદ્યાર્થી માટે છે, તો આગળ વધો અને તમારી પ્રોફાઇલમાં વિદ્યાર્થીના પરિણામો ઉમેરો અને પછી નામ બદલવા માટે તમારી શાળા/જિલ્લાનો સંપર્ક કરો. શાળા/જિલ્લા દ્વારા એડમિનિસ્ટ્રેશન ડેટાબેઝમાં અપડેટ કર્યા પછી તમે IAR પેરેન્ટ પોર્ટલમાં નામ બદલાવને જોશો. જો તમને ખાતરી ન હોય કે ISR તમારા વિદ્યાર્થી માટે છે, તો કૃપા કરીને તમારી શાળા/જિલ્લાનો સંપર્ક કરો. |